# શિક્ષક પ્રશિક્ષણ પાઠ્યક્રમના વિકાસમાં શિક્ષકોનું યોગદાન

મોહન આર. વાજા
પીએચડી. સ્કોલર

**સારાંશ**

શિક્ષક-પ્રશિક્ષણનો પાઠ્યક્રમ એ શિક્ષક અને વિદ્યાર્થીઓને એવું મંચ પૂરું પાડે છે કે જેનાથી જ્ઞાન, આવડત, કૌશલ્ય, હકારાત્મક અભિગમનો વિકાસ, મૂલ્યો અને માન્યતાઓની જરૂરિયાતો પૂર્ણ કરવામાં મદદરૂપ બને છે. જેના દ્વારા પાઠ્યક્રમની જરૂરિયાતો પૂર્ણ થતી હોય છે. આજે પાઠ્યક્રમ એ માત્ર વિષયજ્ઞાન પૂરતું સીમિત ન રહેતા જીવનલક્ષી બને તેની જરૂરિયાત ઉભી થઈ છે. પાઠ્યક્રમ દ્વારા જીવનને લગતી સર્વાંગી બાબતોને આવરી લેવાના પ્રયત્નો શરૂ થઈ ચુક્યા છે. શિક્ષક પ્રશિક્ષણના પાઠ્યક્રમ દ્વારા ભાવિ શિક્ષકોનું ઘડતર કરવાની મહત્ત્વપૂર્ણ જવાબદારી અદા કરવાનું કાર્ય જે તે સંસ્થા પર આધારિત છે અને પાઠ્યક્રમ તેના માટે અગત્યનું સાધન છે. પાઠ્યક્રમ અને તેના મહત્ત્વમાં શિક્ષકની ભૂમિકા તેમજ પાઠ્યક્રમના ઘડતરની પ્રક્રિયા અને પાઠ્યક્રમ વિકાસની પ્રક્રિયા જુદા-જુદા સંશોધનોમાં કેન્દ્રસ્થાને છે. પાઠ્યક્રમ રચનાની પ્રક્રિયા અને પુસ્તકો તૈયાર કરવાની પ્રક્રિયામાં શિક્ષકોને સમાવિષ્ટ કરે તે અગત્યનું છે. તેમાં પાઠ્યક્રમનું વિકેન્દ્રીકરણ એ મોટી સ્વતંત્રતા છે. પાઠ્યક્રમ પર વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ નિર્ભર છે. શિક્ષક એ વિદ્યાર્થી અને પાઠ્યક્રમ વચ્ચે મધ્યસ્થીનું કાર્ય કરે છે. શિક્ષક વિદ્યાર્થીઓની જરૂરિયાતો, તેમના માતા-પિતા, તેનો વ્યવસાય તેમજ શૈક્ષણિક સંસ્થાઓથી પરિચિત હોય છે. શિક્ષક-પ્રશિક્ષણની ગુણવત્તા તેના પાઠ્યક્રમ પર આધારિત છે. પાઠ્યક્રમનો વિકાસ એ ગતિશીલ પ્રક્રિયા છે. પ્રસ્તુત સંશોધન પત્રના હેતુઓ આ પ્રમાણે હતા: (1) પાઠ્યક્રમ વિકાસની પ્રક્રિયા સમજવી. (2) પાઠ્યક્રમના વિકાસમા શિક્ષકના યોગદાનને સમજવું અને (3) વિદ્યાર્થીઓની ભાગીદારી દ્વારા ઉત્તમ મહાવરા દ્વારા પાઠ્યક્રમના વિકાસને સમજવો.

## 1. પ્રસ્તાવના

શિક્ષક-પ્રશિક્ષણનો પાઠ્યક્રમ એ શિક્ષક અને વિદ્યાર્થીઓને એવું મંચ પૂરું પાડે છે કે જેનાથી જ્ઞાન, આવડત, કૌશલ્ય, હકારાત્મક અભિગમનો વિકાસ, મૂલ્યો અને માન્યતાઓની જરૂરિયાતો પૂર્ણ કરવામાં મદદરૂપ બને છે. જેના દ્વારા પાઠ્યક્રમની જરૂરિયાતો પૂર્ણ થતી હોય છે. આજે પાઠ્યક્રમ એ માત્ર વિષયજ્ઞાન પૂરતું સીમિત ન રહેતા જીવનલક્ષી બને તેની જરૂરિયાત ઉભી થઈ છે. પાઠ્યક્રમ દ્વારા જીવનને લગતી સર્વાંગી બાબતોને આવરી લેવાના પ્રયત્નો શરૂ થઈ ચુક્યા છે. શિક્ષક પ્રશિક્ષણના પાઠ્યક્રમ દ્વારા ભાવિ શિક્ષકોનું ઘડતર કરવાની મહત્ત્વપૂર્ણ જવાબદારી અદા કરવાનું કાર્ય જે તે સંસ્થા પર આધારિત છે અને પાઠ્યક્રમ તેના માટે અગત્યનું સાધન છે. પાઠ્યક્રમ અને તેના મહત્ત્વમાં શિક્ષકની ભૂમિકા તેમજ પાઠ્યક્રમના ઘડતરની પ્રક્રિયા અને પાઠ્યક્રમ વિકાસની પ્રક્રિયા જુદા-જુદા સંશોધનોમાં કેન્દ્રસ્થાને છે. પાઠ્યક્રમ રચનાની પ્રક્રિયા અને પુસ્તકો તૈયાર કરવાની પ્રક્રિયામાં શિક્ષકોને સમાવિષ્ટ કરે તે અગત્યનું છે. તેમાં પાઠ્યક્રમનું વિકેન્દ્રીકરણ એ મોટી સ્વતંત્રતા છે. પાઠ્યક્રમ પર વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ નિર્ભર છે. શિક્ષક એ વિદ્યાર્થી અને પાઠ્યક્રમ વચ્ચે મધ્યસ્થીનું કાર્ય કરે છે. શિક્ષક વિદ્યાર્થીઓની જરૂરિયાતો, તેમના માતા-પિતા, તેનો વ્યવસાય તેમજ શૈક્ષણિક સંસ્થાઓથી પરિચિત હોય છે.

શિક્ષક-પ્રશિક્ષણની ગુણવત્તા તેના પાઠ્યક્રમ પર આધારિત છે. પાઠ્યક્રમનો વિકાસ એ ગતિશીલ પ્રક્રિયા છે. પ્રસ્તુત સંશોધન પત્રના હેતુઓ આ પ્રમાણે હતા:

(1) પાઠ્યક્રમ વિકાસની પ્રક્રિયા સમજવી.

(2) પાઠ્યક્રમના વિકાસમા શિક્ષકના યોગદાનને સમજવું અને

(3) વિદ્યાર્થીઓની ભાગીદારી દ્વારા ઉત્તમ મહાવરા દ્વારા પાઠ્યક્રમના વિકાસને સમજવો. સૌપ્રથમ પાઠ્યક્રમનો અર્થ સમજીએ.

**2. પાઠ્યક્રમ**

શિક્ષક-પ્રશિક્ષણના ક્ષેત્રમાં પાઠ્યક્રમ ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. પાઠ્યક્રમ એ વિદ્યાર્થી માટે સુઆયોજિત વાચનસામગ્રી, સ્રોત અને સૂચનાત્મક સામગ્રી પુરી પાડે છે જેના પરથી તેનું શૈક્ષણિક હેતુઓને અનુરૂપ મૂલ્યાંકન કરવામાં આવે છે. પાઠ્યક્રમએ જુદા-જુદા અર્થોમાં વપરાય છે અને પાઠ્યક્રમણી જુદી-જુદી વ્યાખ્યાઓમા વપરાયેલો જોવા મળે છે. પાઠ્યક્રમ એ લેટીન શબ્દ 'Currrere' પરથી ઉતરી આવ્યો છે.જેનો અર્થ 'run' (દોડવું) એવો થાય છે. જે દર્શાવે છે કે દોડવાનું મેદાન અથવા પાઠમાળા દ્વારા નક્કી કરેલા લક્ષ્ય સુધી પહોચવું. Carl (1995:40) પાઠ્યક્રમને આ રીતે પરિભાષિત કરે છે "મૂલ્યાંકન માટેની છત્રરૂપ અને સતત પ્રગતી માપનની મજબૂત અને પદ્ધતિસરની યોજના એટલે પાઠ્યક્રમ". આ વ્યાખ્યામાં પ્રસ્તુત સંશોધન પ્રપત્રના બધા જ હેતુઓનો સમાવેશ થઈ જાય છે. જેમાં મુખ્યત્વે પદ્ધતિ અમલીકરણ અને મૂલ્યાંકન સમાવિષ્ટ છે. Taylor (1966) ના મત મુજબ "પાઠ્યક્રમ એટલે આયોજિત કે માર્ગદર્શક એવી અધ્યયન સામગ્રી કે જે શાળા દ્વારા આયોજિત હોય કે વ્યક્તિગત રીતે શીખેલી હોય, સમૂહમાં શીખેલી હોય કે શાળા બહાર શીખેલી બધી જ બાબતો સમાવિષ્ટ થઈ જાય છે." ટૂંકમાં આયોજિત કે અનાયોજિત શીખેલી તમામ બાબતો એટલે પાઠ્યક્રમ. Kerr (1968) જણાવે છે કે "પાઠ્યક્રમ એટલે તમામ અધ્યયન કે જે વ્યક્તિગત રીતે કે સમુહમાં તેમજ શાળામાં કે શાળા બહાર શીખેલી તમામ બાબતો." આ વ્યાખ્યાઓ પરથી એવું કહી શકાય કે પાઠ્યક્રમ એ મૂલ્યાંકન માટેનું અસરકારક સાધન છે જેના દ્વારા વ્યક્તિ શાળામાં કે શાળા બહારના વાતાવરણમાં તેનો અમલ કરી અને અનુભવજન્ય જ્ઞાન મેળવી શકે છે.

**3. શિક્ષક-પ્રશિક્ષણમાં પાઠ્યક્રમનું મહત્ત્વ**

પાઠ્યક્રમ એ શિક્ષકોને ઉપયોગી એવા તમામ સૂચનાત્મક પાઠો તરફ દોરી જાય છે. પાઠ્યક્રમ એવું વ્યાખ્યાયિત કરે છે કે પ્રશિક્ષણાર્થીને શું શીખવું છે? અને જયારે તે પાઠમાં આપેલી અધ્યયન સામગ્રીનો અભ્યાસ કરે ત્યારે તેને માર્ગદર્શિત કરવાની શક્યતા પાઠ્યક્રમમાં રહેલી છે. પાઠ્યક્રમ વિદ્યાર્થીઓના મૂલ્યાંકનના વિચારો અને યુક્તિઓ શિક્ષકોમાં એવી રીતે પ્રસ્તાવિત કરે છે કે તેમને એક કક્ષામાંથી બીજી કક્ષામાં લઈ જવા માટે તેમની ચોક્કસ શૈક્ષણિક જરૂરિયાતો પૂર્ણ કરવામાં આવે છે. પાઠ્યક્રમના માર્ગદર્શન વિના શિક્ષક વિદ્યાર્થીઓને જરૂરી જ્ઞાન આપી શકતા નથી તેમજ તેમને એક કક્ષામાંથી બીજી કક્ષામાં સફળતા મેળવવાની તક પૂરી પડી શકતા નથી. પાઠ્યક્રમ વિદ્યાર્થીઓને પોતાના વ્યક્તિગત અધ્યયનની પ્રાપ્તિમાં ઉપયોગી બને છે. જેમ કે, સત્રના આયોજન દ્વારા સમયનું અસરકારક વ્યવસ્થાપન કરી અને પોતાના અધ્યયનને નિયંત્રિત કરી શકે છે. વિદ્યાર્થીઓને એવી કલ્પના હોય છે કે સંપાદિત માહિતી હંમેશા સાચી હોય છે. પરંતુ એમને એ જન નથી હોતી કે એ માહિતીને કઈ પરિસ્થિતિ સાથે ગોઠવવી કે સાંકળવી. ગોખવાની ટેવ અને માહિતી યાદ કરીને વિદ્યાર્થીઓમાં થોડા વિચારો ઉદ્ભવે પણ શું તેને એ ખબર છે કે તે શીખવાથી તેનામાં ક્યાં કૌશલ્યો આવ્યા? એ પાઠ્યક્રમને એ પોતાના વાસ્તવિક જીવનની તૈયારી સાથેના વ્યાપક સંદર્ભોથી પરિચિત થવો જોઈએ.

**4. પાઠ્યક્રમનો વિકાસ**

પાઠ્યક્રમ વિકાસ એ ગતિશીલ પ્રક્રિયા છે જે સમાજની જરૂરિયાત અને ભાગીદારી તેમજ શિક્ષણ પદ્ધતિ પ્રમાણે બદલાતો રહે છે. પાઠ્યક્રમ વિકાસના નિશ્ચિત સોપાનો છે જેવા કે, આયોજન, તૈયારી, વિકાસશીલતા, રચના, અમલીકરણ, મૂલ્યાંકન, પુનરાવર્તન અને સુધારો. પાઠ્યક્રમ વિકાસના આયોજનમાં પારંપરિક અને અધ્યયન-અધ્યાપનની ઔપચારિક વ્યવસ્થા એ મજબૂત પદ્ધતિ છે. પાઠ્યક્રમ વિકાસ પદ્ધતિસર અને ગતિશીલ, સંવેદનશીલ તેમજ સ્થળ અને સમયને અનુરૂપ તૈયાર કરી તેનો વિકાસ, અમલીકરણ, મૂલ્યાંકન જેવા પગલાઓ તેમાં સમાવિષ્ટ હોવા જોઈએ.

**5. પાઠ્યક્રમ વિકાસમાં પડકારરૂપ બાબતો**

પાઠ્યક્રમના વિકાસમાં ઘણા બધા પડકારો આવતા હોય છે એમાના મુખ્ય પડકારોને ત્રણ વિભાગમાં વિભાજિત કરી શકાય છે જે આ પ્રમાણે છે: બાહ્ય વૈશ્વિક પડકારો, શિક્ષણ પદ્ધતિના આંતરિક પડકારો અને ખાસ કરીને પ્રાદેશિક પડકારો. બાહ્ય પડકારોને પહોંચી વળવા માટે પાઠ્યક્રમના આયોજન સંદર્ભે આઠ જટિલ પ્રક્રિયાઓને પ્રતિસાદ આપવો પડે જેવી કે વૈશ્વિકરણની પ્રક્રિયા, વિજ્ઞાન અને ટેકનોલોજીની ઝડપી પ્રગતિ, કાર્યના ક્ષેત્રમાં આવેલ આમૂલ પરિવર્તન, સામાજિક અસમાનતા, લોકશાહી અને માનવીય અધિકારોની પ્રગતિ, અસુરક્ષિતપણાની લાગણી અને નૈતિક પતન. તદુપરાંત ત્રીજા પ્રકારના પડકારને ટૂંકમાં આ રીતે દર્શાવી શકાય: વૈશ્વિક સાક્ષરતા, ઉચ્ચકક્ષાની આવડત ધરાવતા માનવીય સ્રોતોની ખામી, શિક્ષણના પારંપરિક સમાધાન અભિગમની સાથે આધુનિકતા માટે મહાપ્રાણ, શાલોનું ખાનગીકરણ, અર્થવ્યવસ્થાનું વૈવિધ્યકરણ, શિક્ષણ અને શોધ માટે વધારે પડતું રોકાણ વગેરે બાબતો આ પડકારમાં સમાવિષ્ટ છે.

**6. પાઠ્યક્રમ વિકાસમાં શિક્ષકનો ફાળો**

શિક્ષક-પ્રશિક્ષણના પાઠ્યક્રમમાં ભાગીદાર પ્રશિક્ષણર્થીઓની જરૂરિયાતોથી શિક્ષક સભાન હોય છે. શિક્ષક અધ્યેતાની મનોવૈજ્ઞાનિક સ્થિતિથી વાકેફ હોય છે.શિક્ષક એ અધ્યાપન પદ્ધતિઓ અને પ્રયુક્તિઓથી વાકેફ હોય છે, તેનો જ્ઞાતા હોય છે. શિક્ષકે અધ્યાપનની સાથે અધ્યેતાએ મેળવેલી અધ્યાપન નિષ્પતિઓનું મૂલ્યાંકન પણ કરવાનું હોય છે. તેથી જ તો કેટલાક ગુણો આત્મસાત કરવા જોઈએ જેવા કે આયોજનકર્તા, રચનાકર, પ્રબંધક, મૂલ્યાંકનકર્તા, સંશોધક, નિર્ણાયક અને વ્યવસ્થાપક. પાઠ્યક્રમ વિકાસના દરેક તબક્કે શિક્ષકે આદર્શ ભૂમિકા ભજવવી જોઈએ. પાઠ્યક્રમના આયોજનમાં તત્વજ્ઞાનનું પૃથક્કરણ, સામાજિક દબાણ, જરૂરિયાતો, ધ્યેયો અને હેતુઓ, જ્ઞાનનું ઉપયોજન, માનવવિકાસ, અધ્યાપન પદ્ધતિ અને સૂચનો અને નિર્ણયનો સમાવેશ થાય છે. પાઠ્યક્રમની તૈયારીમાં પદ્ધતિસરની માહિતી, સામગ્રી, પસંદગી, સંગ્રહ, મૂલ્યાંકન અને સંસ્થાઓનો સમાવેશ થાય છે.

શાળા કક્ષાએ પાઠ્યક્રમની રચનાના પરિબળોમાં ધોરણો, પ્રકારો, રચનાઓ, શૈક્ષણિક ટેકનોલોજી, વ્યવસાયિક પદ્ધતિ, સમાજની પુનઃરચના, પાઠ્યક્રમની રચના, સામાજિક જરૂરિયાતોનું પૃથક્કરણ, પથ્માંલાના અનુવાદની જરૂરિયાત, વિભાજિત હેતુઓમાંથી સામાન્ય અને વિશિષ્ટ હેતુઓ તારવવા, સમૂહના નિશ્ચિત હેતુઓ તારવવા, સમૂહના નિશ્ચિત હેતુઓને વિષયમાં આવરી લેવા, વર્ગીકરણ મુજબ વિષય નક્કી કરવા, ખાસ હેતુઓ, દરેક વિષયને ચોક્કસ એકમોમાં ગોઠવવો, યોગ્ય સમયમાં કાર્ય પૂર્ણ કરવું, પાઠ્યક્રમને એકસૂત્ર કરવો. પાઠ્યક્રમ વિકાસના તબક્કામાં સૂચનાત્મક વિકાસ, સામગ્રી અને સાધન વિકાસ, શિક્ષણ અને મૂલ્યાંકનની પદ્ધતિઓનો

સમાવેશ થાય છે. પાઠ્યક્રમના અમલીકરણના સૂચનાત્મક કાર્યક્રમમાં સત્રમાં દરેક વિષયમાં અભ્યાસ પૂર્ણ કરવાની બાબતોનો સમાવેશ થાય છે. સમય અનુસાર દરેક પથનું આયોજન, વ્યવહારિક વ્યૂહરચનાઓ, યોગ્ય પરિસ્થિતિનો ઉપયોગ, અધ્યયન સ્ત્રોતો પૂરા પાડવા, વર્ગ અધ્યયન અનુભવોને પ્રોત્સાહન આપવું, પ્રગતિલક્ષી ચકાસણીનો સમાવેશ થાય છે. પાઠ્યક્રમ મૂલ્યાંકનમાં આંતરિક અભ્યાસેતર મૂલ્યાંકન, વિદ્યાર્થીઓનું શિક્ષકો દ્વારા થતું મૂલ્યાંકન, શીક્કોનું વિદ્યાર્થીઓ દ્વારા થતું અવલોકન, પદ્ધતિઓની ચકાસણી, પરીક્ષણ અને પરીક્ષા દ્વારા થતું મૂલ્યાંકન, જે તે ક્ષેત્રમાં અધ્યયન નિષ્પતિઓની તપાસણી, પાઠ્યક્રમ સમીક્ષા/સુધારા/પરિવર્તન/ફેરફાર, પદ્ધતિ પુરાવર્તન વગેરેનો સમાવેશ થાય છે. પાઠ્યક્રમ તૈયાર થઈ ગયા બાદ તેનું મૂલ્યાંકન કરી અને જો તે સંતોષકારક ન હોય તો વિકસાવનાર તેમાં પુનરાવર્તન કરી અને સુધારના તબક્કામાં લઈ જાય છે.

**7. અનુસંધાનો (અભ્યાસના સંદર્ભમાં)**

Patankar, P.S.(2013) એ 'શિક્ષક-પ્રશિક્ષણમાં એમ.એડ્.નો પાઠ્યક્રમ ગુણવત્તાના સૂચક તરીકે: પ્રશિક્ષણર્થીઓના પ્રતિભાવો' શીર્ષક હેઠળ અભ્યાસ હાથ ધર્યો હતો. આ સંશોધન સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો. પ્રશિક્ષણાર્થીઓના પ્રતિભાવો મેળવવા માટે પ્રશ્નાવલિનો ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસના તારણો આ પ્રમાણે હતા: (1) એમ.એડ્. કક્ષાનો પાઠ્યક્રમ સંતોષકારક હતો. (2) વ્યક્તિત્વના વિકાસમાં અભ્યાસિક અને સહઅભ્યાસિક પ્રવૃતિઓ ઉપયોગી હતી. (3) પાઠ્યક્રમનું મૂલ્યાંકન સંતોષકારક હતું. તેથી અત્યારે એમ.એડ્.નો પાઠ્યક્રમ શિવાજી યુનિવર્સિટી, કોલ્હાપુર દ્વારા સૂચિત શિક્ષક-પ્રશિક્ષણમાં ગુણવત્તાવાળો છે. Jadhav, M.S. (2013) એ 'શિક્ષક-પ્રશિક્ષણ પાઠ્યક્રમની ગુણવત્તામાં વધારો કરવો' શીર્ષક અંતર્ગત અભ્યાસ હાથ ધર્યો હતો. આ અભ્યાસમાં ગુણવત્તાના વર્તુળમાં શિક્ષક-વિદ્યાર્થીઓના પૂર્વ નિર્ધારિત જૂથકાર્ય ઉપયોગ કરવામાં આવ્યો હતો. જે એમ. એડ્.ના પાઠ્યક્રમમાં પૂર્ણ કરવામા આવ્યા હતા. આ અભ્યાસના તારણો આ પ્રમાણે હતા: (1) એમ.એડ્ના પાઠ્યક્રમમા ગુણવત્તાનું અસરકારક રીતે અમલીકરણ જોવા મળેલું હતું. (2) હાલના એમ.એડ્. પાઠ્યક્રમમા વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ ઘડતરમાં આડકતરી રીતે મહત્ત્વનો ફાળો આપે છે.

**8. સૂચનો**

પાઠ્યક્રમ વિકાસની પ્રક્રિયા આ રીતે સુધારી શકાય.

-પાઠ્યક્રમનું જરૂરિયાતના આધારે પૃથક્કરણ

-સંસ્થાઓની જરૂરિયાત શું છે?

-વિદ્યાર્થીઓમાં ક્યાં પ્રકારની આવડતો સામેલ છે?

-સિદ્ધાંતોનો વાસ્તવિક જીવન સાથે સમન્વય કેવી રીતે કરવો?

-પાઠ્યક્રમ વિકાસની પ્રક્રિયામાં તેમાં ભાગીદાર વ્યક્તિઓના પ્રતિભાવો મેળવવા

-જરૂરિયાત અને ભાગીદારીપણામાં ટેકનોલોજીનો ઉપયોગ કે રીતે કરવો?

-પાંચ વર્ષના અંતે પાઠ્યક્રમની સમિક્ષ કરવી.

-સંવાદો, સભ્યોના નિર્ણયો, અભિપ્રાય કાર્યક્રમ અને કાર્યશાળાના આયોજનમાં શિક્ષકોનો પાઠ્યક્રમના વિકાસકર્તા તરીકે સમાવિષ્ટ કરવા.

-પાઠ્યક્રમ વિકાસકર્તાઓએ કેટલાક સિદ્ધાંતો અનુસરવા જોઈએ જેવા કે પરંપરાગત સિદ્ધાંત, આગળ જોવાનો સિદ્ધાંત, પ્રવૃતિનો સિદ્ધાંત, બાળકેન્દ્રી સિદ્ધાંત, લવચીકતા સિદ્ધાંત, ચરિત્ર નિર્માણ સિદ્ધાંત વગેરે. આ ઉપરાંત

પરિપક્વતા સિદ્ધાંત, જાહેર જીવનની તૈયારી, જીવન સાથેનું જોડાણ, વ્યક્તિગત તફાવતો, વફાદારી, ફરજીયાત અને સામાન્ય વિષયો, શરીરના બધા અંગોનો વિકાસ, મગજ અને આત્મા, લોકશાહી,સામાજિકતા બિનસાંપ્રદાયિકતા વગેરે બાબતોનો સમાવેશ પાઠ્યક્રમમાં થવો જોઈએ.

**9. ઉપસંહાર**

પાઠ્યક્રમ વિકાસ એ બૌદ્ધિક અને સંશોધનની પ્રવૃત્તિ છે. તે માટે કૌશલ્યલક્ષી આયોજનના કાર્યક્રમો, વિકાસ, રચના, અમલીકરણ, મૂલ્યાંકન અને સુધારાનો તબક્કો. શિક્ષક-પ્રશિક્ષણમા ભાગીદાર શિક્ષકોની જરૂરિયાત, શિક્ષકે અધ્યેતાઓની મનોવૈજ્ઞાનિક બાબતોની જાણકારી, શિક્ષણની પદ્ધતિ-પ્રયુક્તિઓથી શિક્ષકને સભાન કરવા. અધ્યયન નિષ્પતિઓના મૂલ્યાંકનકર્તા તરીકેનો ફાળો આપવો. શિક્ષકે આયોજક, રચનાકાર, પ્રબંધક, પ્રોગ્રામર, અમલકર્તા, નિર્ણાયક, મુલ્યાંકનકાર, સંશોધક વગેરેની ભૂમિકા નિભાવવી જોઈએ. તેથી જ શિક્ષક પાઠ્યક્રમ વિકાસમાં અગત્યનો ફાળો આપી શકે.

**સંદર્ભસૂચિ**

1. Best, J.W. & Khan, J.V.(2003). Research in educational (9th ed.), New Delhi prentice hall of India Pvt. Ltd.
2. Bhattacharya, S.K.(2006). Educational Technology. Chandigarh : Abhishek Publication.
3. Bhatawadekar, S. (2008). retrieved from http://www.citehr.com/25619-quality-circles.html
4. Bruner, J. (1996). The Process of education. Cambridge, MA :Harvard University Press.
5. Butch M.B.(Ed.) forth Survey of researches in education new Delhi :NCERT
6. Devi, N.S. (2005). Assessment of attitude towards teaching, Edu-tracks vol.4,no.12,India: Neel kamal publication
7. National Curriculum Framework for Teacher Education (2009) New Delhi: National Council for Teacher Education
8. Parker , J.(2003). Reconceptualising the curriculum :from co modification to transformation. Teaching in Higher Education,8(4),529-543
9. Patankar,.S.& Jadhav M.S.(2014) retrieved from http://www.researchgate.net/publication/258023165
10. Stenhouse, L (1975). An introduction to Curriculum Research and Develpoment. London: Heineman